# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# CM PATEL ON SPORTS DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે હૉકીના જાદુગર તરીકે વિખ્યાત મેજર ધ્યાનચંદજીની જન્મજયંતીએ તેમના સન્માનમાં ઉજવાતા રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે તમામ ખેલરત્નો અને રમતપ્રેમીઓને શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઈન્ડિયા' જેવા અભિયાન થકી આજે સમગ્ર દેશમાં એક નવી ખેલ સંસ્કૃતિનો ઉદય થયો છે. ગુજરાતમાં પણ રાજ્ય સરકાર દ્વારા 'ખેલ મહાકુંભ ' જેવા આયોજનના કારણે ગ્રામીણથી લઈને રાજ્યસ્તર સુધી રમતવીરોની પ્રતિભા ઝળકી છે. શ્રી પટેલે રમતગમતને આપણા દૈનિક જીવનનો હિસ્સો બનાવી સ્વસ્થ-સશક્ત ભારતનું નિર્માણ કરવા સૌને અનુરોધ કર્યો.

# AMD RAJYAPAL SPORTS DAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું , રાજ્યમાં આગામી સમયમાં રાષ્ટ્રમંડળ રમત અને વિશ્વ સ્તરની રમત યોજાય તેવી માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેના કારણે રાજ્યની યુવા પેઢીને લાભ થશે. અમદાવાદમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલશ્રીએ બાળકોને મોબાઈલ ફોનની લતથી મુક્ત કરવા રમતગમતને સૌથી મહત્વનો વિકલ્પ ગણાવ્યો.

# BK GILLI DANDA TOURNAMENT

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીએ બનાસકાંઠામાં ગિલ્લી-દંડા સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે હોકીના મહાન ખેલાડી અને દેશના ગૌરવ મેજર ધ્યાનચંદજીની સિદ્ધિઓ તથા દેશ માટે તેમના અમૂલ્ય યોગદાન અંગે માહિતી આપી. સાથે જ મંત્રીશ્રીએ કહ્યું , બાળકો અને યુવાનોમાં રમતગમત પ્રત્યે રસ વધે અને તેમની પ્રતિભાને યોગ્ય તક મળે તે માટે ગિલ્લી-દંડા સહિતની રમતને પ્રોત્સાહન અપાશે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે પરંપરાગત રમતોથી લઈ ઑલિમ્પિક રમત સુધી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારના સંકલ્પનો પુનરોચ્ચાર પણ કર્યો.

(BYTE: PRAVIN MALI, MINISTER OF STATE, FOREST AND ENVIRONMENT)

# JND BLOOD DONATION CAMP

જુનાગઢમાં રમતગમત સંકુલ ખાતે મેજર ધ્યાનચંદજીની જન્મજયંતી નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ, જેમાં એકત્રિત કરાયેલી 121 રક્તની બૉટલ થેલિસિમિયાગ્રસ્ત બાળકો માટે સિવિલ હૉસ્પિટલમાં જમા કરાવવામાં આવી હતી. ઉપરાંત ભાલાફેંક , ગોળાફેંક, દૌડ અને રસ્સા ખેંચ જેવી રમત દ્વારા મેજર ધ્યાનચંદજીને યાદ કરાયા.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 137-મી કડી હશે. આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનની તમામ ચેનલ્સ , આકાશવાણી સમાચારની વેબસાઈટ અને મોબાઈલ એપ પર કરાશે.

સાથે જ આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ્સ પર પણ "મન કી બાત" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# MSN DAMRU YATRA

અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી રમણ સોલંકી આજે મહેસાણાના વડનગરમાં યોજાયેલી ડમરું યાત્રામાં જોડાયા હતા. 108 કલાકારોના નાદ સાથે ધાંસકોળ દરવાજાથી હાટકેશ્વર મહાદેવ મંદિર સુધી ડમરુંનો ગૂંજારવ ગૂંજ્યો હતો.

આ સાથે જ ઐતિહાસિક નગરીમાં આસ્થા અને કળાનો અદભૂત સંગમ જોવા મળ્યો. આ અંગે અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી રમણ સોલંકીએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: RAMAN SOLANKI,**
**FOOD & CIVIL SUPPLIES MINISTER)**

# GIR SOMNATH VISHESH PUJA

ગીર સોમનાથમાં જૂના સોમનાથ મંદિરમાં  તીર્થ પૂરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજ દ્વારા વિશેષ પૂજા કરી સારા વરસાદ માટે મહાદેવ દાદાને કામના કરવામાં આવી. આ સાથે જ નેપાળમાં સર્જાયેલી હોનારતમાં જીવ ગુમાવનારા લોકોના આત્માની શાંતિ માટે પણ પ્રાર્થના કરવામાં આવી. આ અંગે સમાજના ટ્રસ્ટી ફાલ્ગુન જાનીએ વધુ માહિતી આપી.

(BYTE: FALGUN JANI, TRUSTEE, TIRTH PUROHIT SHREE SOMPURA BRAHMAN SAMAJ)

# TAPI UKAI DAM LEVEL

તાપીમાં ઉકાઈ બંધનું જળસ્તર તેના રૂલ લેવલ એટલે કે , મહત્તમ સપાટીને પાર થઈ ગયું છે. જોકે , બંધના ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતા તંત્ર દ્વારા હાયડ્રો પાવરના ચારેય એકમ બંધ કરી પાણી સંગ્રહની કવાયત હાથ ધરાઈ છે. આગામી વરસાદની આગાહીને ધ્યાને રાખી પાણી સંગ્રહની તજવીજ હાથ ધરાઈ. તેમજ હાલ બંધમાંથી 800 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.